## બે રીઢા મોબાઈલ સ્નેચરો તેમજ એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને મુદ્દામાલના છ મોબાઈલ ફોન સાથે ઝડપી પાડી, શહેર વિસ્તારમાં કુલ પાંચ મોબાઈલ સ્નેચીંગના ગુનાઓનો ભેદ ઉકેલતી, ક્રાઈમ બ્રાન્ચ.

સુરત શહેર વિસ્તારમાં મોબાઈલ સ્નેચીંગના ગુનાઓ અટકાવવા તથા આવા બનાવો શોધી કાઢવા સારૂ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી/પોલીસ માણસો શહેર વિસ્તારમાં અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન HC અનીલ રઘુનાથ તથા મુકેશ પુંડલીક નાઓને મળેલ બાતમી આધારે આરોપી (૧) મો.ઈસ્માઈલ ઉર્ફે મોજ ઉર્ફે ભાયો સીરાજુદ્દીન લુહાર ઉ.વ.૧૯ રહે. ૩/૧૬૦૨, રેશમવાડા સહાબી કોલોની પાસે અબુલા મંઝીલ સલાબતપુરા, સુરત તથા (૨) સેફાઝ ઈમ્તીયાઝ પિજારા (મુલતાની ઉ.વ.૧૯ રહે. આંબાવાડી કાલીપુર, અકબર સહીદનો ટેકરો, કાદરી મહોલ્લો (ડેલો) માં સલાબતપુરા, સુરત શહેર તેમજ એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ઝડપી પાડી, તેઓ પાસેથી જુદી જુદી કંપનીના કુલ મોબાઈલ ફોન નંગ-૬ કુલ્લે રૂ. ૩૦,૦૦૦/-તેમજ યામાહા મો.સા. કિ.રૂ. ૧૫૦૦૦/- મળી કુલ્લે રૂ.૪૫,૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવેલ છે. આરોપીઓ તેમજ બાળકિશોર પુછપરછમાં તેઓની પાસેથી મળી આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોનો તેઓએ શહેર વિસ્તારના જુદા જુદા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં રસ્તે ચાલતા જતા રાહદારીઓના હાથમાંથી સ્નેચીગ કરેલ હોવાની કબુલાત કરેલ છે. ઉપરોક્ત મોબાઈલ ફોન ચોરી અંગે નીચે મુજબના ગુન્હાઓ ડીટેકટ થયેલ છે.(૧)મહિધરપુરા પો.સ્ટે.। ગુ.ર.નં.૪૧/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ(૨)મહિધરપુરા પો.સ્ટે.। ગુ.ર.નં.૪૨/૨૦૧૯ ઈ.પી.કો.કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ(૩) ઉધના પો.સ્ટે. । ગુ.ર.નં.૪૬/૨૦૧૯ ઈ.પી.કો.કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ(૪) રાંદેર પો.સ્ટે.। ગુ.ર.નં.૪૧/૨૦૧૯ ઈ.પી.કો.કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ (૫) અઠવા પો.સ્ટે. । ગુ.ર.નં.૨૮/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ પકડાયેલ આરોપી પૈકી આરોપી (૧) મો.ઈસ્માઈલ ઉર્ફે મોજ ઉર્ફે ભાયો સિરાજુદ્દીન લુહાર (૨) સેફાઝ ઈમ્તીયાઝ પિંજારા (મુલતાની) નાઓ અગાઉ મોબાઈલ સ્નેચીંગ ગુન્હાઓમાં પકડાયેલ છે. ઉપરોક્ત તમામ ગુન્હાઓ વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.